National Hindi & Gujarati Language News Paper

RNI No. GUJGUJ/2023/87728

RNI No. MAHHIN/2020/78591

MUMBAI TARANG

Mumbai, Surat, Ahemdabad & Rajkot Daily Publish

# હિન્દુ-મુસ્લિમ એકતાનું જીવંત ઉદાહરણ: કેપી ગ્રુપ અને પી.પી. સવાણી ગ્રુપ દ્વારા 300 ગંગાસ્વરૂપ માતા-સાસુને હરિદ્વાર યાત્રાએ રવાના



સુરત કેપી ગ્રુપ અને પી.પી. સવાણી ગ્રુપના સંયુક્ત ઉપક્રમે ₹પવિત્રયાત્રા₹ અંતર્ગત આશરે 300 ગંગાસ્વરૂપ માતા અને સાસુઓને હરિદ્વાર, ઋષિકેશ, ગોકુળ, મથુરા અને વૃંદાવનની સાત દિવસીય પવિત્ર યાત્રા માટે શુક્રવારે ભાવભેર રવાના કરવામાં આવ્યા.આ યાત્રાનો મુખ્ય હેતુ પી.પી. સવાણી ગ્રુપમાં લગ્ન થયેલી દીકરીઓના ગંગાસ્વરૂપ માતા અને સાસુ વચ્ચેના સંબંધોને વધુ ગાઢ બનાવવા તેમજ પરિવારમાં પ્રેમ, વિશ્વાસ અને આધ્યાત્મિકતા વધારવાનો છે. યાત્રા દરમિયાન હરિદ્વારમાં ગંગા આરતી, ઋષિકેશના ધાર્મિક સ્થળોના દર્શન, ગોકુળ અને મથુરામાં શ્રીકૃષ્ણ જન્મભૂમિ તેમજ વૃંદાવનના વિવિધ મંદિરોના દર્શનનો લાભ બહેનોને મળશે.યાત્રામાં ભાગ લેનાર તમામ બહેનો માટે રહેવા, જમવા, મુસાફરી અને સુરક્ષાની સુચારૂ વ્યવસ્થા કરવામાં આવી છે. યાત્રાના પ્રારંભે દીકરીઓએ પોતાની માતા અને સાસુનું કંકુ-તિલક કરી તથા ફૂલહાર પહેરાવી ભાવભેર વિદાય આપી હતી, જેના કારણે સમગ્ર વાતાવરણ ભાવુક અને ભક્તિમય બની ગયું હતું.આ પ્રસંગે કેપી ગ્રુપના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ડો. ફારૂક પટેલ તથા પી.પી. સવાણી ગ્રુપના મહેશભાઈ સવાણીએ આયોજન સમિતિનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે આવી સેવાકીય પ્રવૃત્તિઓ સમાજમાં માનવતા, સંસ્કાર અને પારિવારિક મૂલ્યોને વધુ મજબૂત બનાવે છે.ડો. ફારૂક પટેલનું આ સેવાયજ્ઞમાં યોગદાન સમાજ માટે પ્રેરણારૂપ માનવામાં આવે છે. મુસ્લિમ સમાજના અગ્રણી ઉદ્યોગપતિ હોવા છતાં તેઓ ધર્મ અને જાતિના ભેદભાવથી ઉપર ઉઠીને માનવસેવાને પ્રાથમિકતા આપે છે. પી.પી. સવાણી ગ્રુપ સાથે મળીને તેઓ દર વર્ષે હિન્દુ સમાજની ગંગાસ્વરૂપ માતા અને સાસુઓ માટે પવિત્ર યાત્રાનું આયોજન કરે છે, જ્યારે મુસ્લિમ દીકરીઓ માટે ઉમરાહ યાત્રામાં પણ સહયોગ આપે છે. તેમનો આ અભિગમ સર્વધર્મ સમભાવ, સામાજિક સમરસતા, રાષ્ટ્રીય એકતા અને માનવતાના મૂલ્યોને વધુ મજબૂત બનાવે છે.સંવાદદાતા વિજય મકવાણા સુરત

॥ જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરીયસી ॥

ફૂલછાબ

.Digital

### સુરતમાં હિન્દુ-મુસ્લિમ એકતાનું જીવંત ઉદાહરણ

# કેપી ગ્રુપ અને પી.પી.સવાણી ગ્રુપ દ્વારા મુસ્લિમ દીકરીઓને ઉમરા યાત્રા, 300 ગંગા સ્વરૂપ માતા, સાસુ માટે હરિદ્વાર યાત્રા

સુરત, તા.૧૭: કેપી ગ્રુપ અને પી.પી.સવાણી ગ્રુપના સંયુક્ત ઉપક્રમે પવિત્ર યાત્રા અંતર્ગત આશરે 300 ગંગા સ્વરૂપ માં અને સાસુમાં માટે આયોજીત હરિદ્વાર, ઋષિકેશ, ગોકુળ, મથુરા અને વૃંદાવનની ૭ દિવસીય પવિત્ર યાત્રાએ આજ રોજ રવાના કરવામાં આવ્યા હતા.

યાત્રા દરમિયાન બહેનોને વિવિધ તીર્થ સ્થળોના દર્શન કરાવી આધ્યાત્મિક શાંતિ અને ભક્તિનો અલૌકિક અનુભવ સાથે યાત્રાનો મુખ્ય હેતુ પી.પી.સવાણી ગ્રુપમાં લગ્ન થયેલી દીકરીના ગંગા સ્વરૂપ માતા તેમજ સાસુ વચ્ચેના સંબંધને વધુ ગાઢ બનાવવા માટેનો છે જેથી કરી આ તમામ દીકરીઓના લગ્ન જીવન વધુ મજબુત બની રહે.

યાત્રા દરમિયાન હરિદ્વારમાં ગંગા આરતી, ઋષિકેશમાં ધાર્મિક સ્થળોના દર્શન, ગોકુળ અને મથુરામાં શ્રીકૃષ્ણ જન્મભૂમિ તેમજ વૃંદાવનમાં વિવિધ મંદિરોના દર્શન સહીતના કાર્યક્રમો સાથે તમામ બહેનો માટે રહેવા, જમવા, મુસાફરી અને સુરક્ષાની વ્યવસ્થા કરાઈ છે. યાત્રામાં સેવા આપનાર દીકરીઓને સેવા બદલ કેપી ગ્રુપના ચેરમેન-એમડી ડો.ફારૂક પટેલ, પી.પી.સવાણી ગ્રુપના મહેશભાઈ સવાણીએ આભાર વ્યક્ત કર્યો હતો.

કેપી ગ્રુપના ચેરમેન-એમડી ડો.ફારૂક પટેલનું આ સેવાયજ્ઞમાં યોગદાન સમાજ માટે પ્રેરણારૂપ છે. મુસ્લિમ સમાજના અગ્રણી ઉદ્યોગપતિ હોવા છતાં તેઓ ધર્મ અને જાતિના તમામ ભેદભાવથી પર રહી માનવતાની સેવાને પોતાનું ધ્યેય બનાવી પી.પી.સવાણી ગ્રુપ સાથે મળીને તેઓ દર વર્ષે હિન્દુ દીકરીઓના ગંગા સ્વરૂપ માતા અને સાસુઓ માટે યાત્રાધામોની યાત્રામાં સહયોગ આપે છે. જ્યારે મુસ્લિમ દીકરીઓ માટે પવિત્ર હજ યાત્રાનું પણ આયોજન કરીને સર્વધર્મ સમભાવનું જીવંત ઉદાહરણ પૂરું પાડે છે.